# મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં

# સુશાસનના ૪૦૦૦ દિવસ




## ગુજરાતની વિકાસયાત્રા . . . વણથંભી

**ભૂકંપ પુનઃનિર્માણ (૨૦૦૧)**
૨૦૦૧ના મહાવિનાશક ભૂકંપની તારાજી પછી રાજ્ય સરકારે પુનર્વસન કામને ગતિ આપી, જેને દેશ અને દુનિયાએ રોલ મોડેલ તરીકે સ્વીકારી

**વાસ્મો (૨૦૦૨)**
રાજ્યભરમાં પાણીનું સુદૃઢ વ્યવસ્થાપનઃ ગામડામાં ઘર આંગણે પાણી પુરવઠો પહોંચાડવામાં જન ભાગીદારી જોડીને ગુજરાતે કર્યો નવતર અભિગમઃરાજ્યમાં ૧૭,૭૦૦થી વધુ પાણી સમિતિઓ કાર્યરત

**જ્યોતિગ્રામ યોજના (૨૦૦૩)**
રાજ્યમાં ૨૪ કલાક ગુણવત્તાયુક્ત અને અવિરત થ્રી ફેઈઝ વીજપ્રવાહ પૂરો પાડવાની ગુજરાત સરકારની દેશભરમાં પ્રથમ યોજના... ગ્રામીણ અર્થતંત્ર મજબૂત બન્યું, શહેર તરફનું સ્થળાંતર ઘટ્યું

**વાયબ્રન્ટ ગુજરાત (૨૦૦૩)**
વર્ષ-૨૦૦૩માં શરૂ થયેલી વૈશ્વિક રોકાણકાર પરિષદ રોકાણકારોના પ્રચંડ સમર્થનના કારણે રંગ લાવી... વર્ષ-૨૦૧૧ની પાંચમી સમિટમાં ૧૦૧ દેશોએ ભાગ લીધો અને લાખો રોજગારીની તકોના નિર્માણની સંભાવના સાથે રૂ.૨૦,૮૩,૦૦૦ કરોડના સમજૂતી કરાર કરાયા... ઔદ્યોગિક વિકાસક્ષેત્રે ગુજરાત બન્યું દેશભરમાં નંબર-૧

**કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ (૨૦૦૪)**
શિક્ષણના સ્તરને સુધારવા અને કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકારે શરૂ કર્યું જનઅભિયાન. આ અભિયાનને કારણે ૧૦૦ ટકા નામાંકનનાં લક્ષ્યાંકની સિદ્ધિ... ડ્રોપ આઉટ રેટ ૨૧ ટકાથી ઘટી ૨ ટકા સુધી લઈ જવાયો

**કૃષિ મહોત્સવ (૨૦૦૫)**
આધુનિક કૃષિ જ્ઞાન ખેતર સુધી પહોંચ્યું ખેડૂત અને ખેતર થયા સમૃદ્ધ. ગુજરાત બન્યું દેશની બીજી હરિતક્રાંતિનું પથદર્શક... અગાઉનો શૂન્યથી નીચે ૨ ટકાનો કૃષિ વિકાસદર ૧૦ ટકાથી વધારે થયો... કૃષિની વાર્ષિક આવક રૂ.૧૪૦૦૦ કરોડથી વધીને રૂ.૯૬૦૦૦ કરોડ થઈ

**ચિરંજીવી યોજના (૨૦૦૫)**
માતા મૃત્યુદર અને બાળ મૃત્યુદર ઘટાડી તંદુરસ્ત ગુજરાતના નિર્માણ માટે રાજ્ય સરકારે શરૂ કરી ચિરંજીવી યોજના. ૮ લાખ ગરીબ મહિલાઓને સંસ્થાકીય પ્રસૂતિ દ્વારા પ્રસૂતિરક્ષા મળી અને નવજાત શિશુને મળી આરોગ્ય સેવા...

**નારી ગૌરવનીતિ (૨૦૦૬)**
રાજ્યના વિકાસમાં મહિલાઓ પણ સમાન ભાગીદાર બને, મહિલાઓનું સશક્તિકરણ થાય અને આત્મ સન્માન સાથે મહિલાઓ સ્વાવલંબી બને તે માટે નારી ગૌરવનીતિ ઘડનારું ગુજરાત રાજ્ય દેશભરમાં પ્રથમ

**૧૦૮ ઈમરજન્સી સેવા (૨૦૦૭)**
રાજ્યના અંતરિયાળ વિસ્તારમાં પણ ઝડપી અને અસરકારક આરોગ્ય સેવા મળી રહે એવા ધ્યેય સાથે ગુજરાતે શરૂ કરેલી ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા અત્યાર સુધીમાં ૩૦ લાખ જેટલા ઈમરજન્સી કોલમાં સહાયરૂપ બનીને ૧૦ લાખ જેટલા પ્રસૂતિને લગતા કેસમાં આરોગ્ય સુવિધા પૂરી પાડી તેમજ ૧.૭૫ લાખથી વધુ જીવન બચાવ્યા

**નીરોગી બાળવર્ષ (૨૦૦૮)**
રાજ્ય સરકારે તંદુરસ્ત સમાજના નિર્માણ માટે તંદુરસ્ત બાળના ઉદ્દેશ સાથે નીરોગી બાળવર્ષની ઉજવણી કરી. બાળ આરોગ્યની સંભાળના કારણે રાજ્યનો બાળ મૃત્યુદર એક દાયકામાં ૬૦થી ઘટીને ૩૯ પર આવ્યો

**ગરીબ કલ્યાણ મેળા (૨૦૦૯)**
હવે અમારે ગરીબ રહેવું નથી એવા દરિદ્રનારાયણના સંકલ્પને સાકાર કરવા રાજ્ય સરકારે શરૂ કર્યા ગરીબ કલ્યાણ મેળાઃ ગરીબ કલ્યાણ મેળાઓમાં વચેટિયાઓની નાબૂદીઃ ૧૦૦૦ ગરીબ કલ્યાણ મેળાઓમાં ૮૫ લાખ ગરીબોને રૂ.૧૩,૦૦૦/- કરોડની હાથોહાથ સહાય

**મિશન મંગલમ્ (૨૦૧૦)**
મહિલાઓને આર્થિક રીતે પગભર બનાવતી મિશન મંગલમ્ યોજનામાં ૨૬ લાખ સભ્ય સંખ્યા ધરાવતા અઢી લાખ સખી મંડળોને રૂ.૧૬૦૦ કરોડનો કારોબાર મહિલાઓને સોંપાયો

**એટીવીટી (૨૦૧૧)**
તાલુકા સશક્તિકરણનું ક્રાંતિકારી અભિયાનઃ ૧૨૪ પ્રકારની સેવાઓ તાલુકા જનસેવા કેન્દ્રમાં ઉપલબ્ધ

**મુખ્યમંત્રી અમૃતમ્ "મા" યોજના (૨૦૧૨)**
રાજ્યના જનજનને મળી ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવા. મુખ્ય મંત્રી અમૃતમ્ "મા" યોજનાથી અસાધ્ય રોગ સામે ગરીબ નાગરિકને મળ્યું રૂ. ૨ લાખનું આરોગ્ય સુરક્ષા કવચ

## લોક સેવાની ૪૦૦૦ દિવસની અવિરત વિકાસયાત્રા :
## છ કરોડ ગુજરાતીઓને આભારી



# ...આને જ કહેવાય વિકાસ

**સૌનો સાથ ... સૌનો વિકાસ ...**

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com